# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી , અરણેજ દ્વારા મહિલા કિસાન દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, અરણેજ દ્વારા તા.૧૫/૧૦/૨૦૨૦ ને ગુરુવારના રોજ મહિલા કિસાન દિવસની ઉજવણી ધોળકા તાલુકાના **રાયપુર** ગામે કરવામાં આવી હતી. જેમાં ૩૨ ખેડૂત બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગૃહવિજ્ઞાન વૈજ્ઞાનિક શ્રીમતી **હિનાબેન ચાવડાએ** કિચન ગાર્ડનનું મહત્વ સમજાવ્યું હતું. પશુવિજ્ઞાન વૈજ્ઞાનિક **ડૉ. નીતિન પટેલ** દ્વારા પશુપાલનમાં મહિલાઓનો ફાળો અંગે સમજાવ્યું હતું તેમજ શ્રી. **દિનેશ રંગપરા** (વૈજ્ઞાનિક - કૃષિ ઈજનેર) એ બહેનોને કૃષિલક્ષી કાર્યોમાં કૃષિયંત્રોના ઉપયોગનું મહત્વ તેમજ વિવિધ સરકારી યોજનાઓ અંગેની માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી **હિનાબેન ચાવડા** દ્વારા કરવામાં આવ્યું હતું.




